# શહેરમાં મોસમની વિક્રમ ઠંડી : પારો ૬.૮

### હાડ થીજવતી ઠંડીના કારણે શહેરમાં સ્વયંભૂ કરફ્યુ : જનજીવન પર ઘેરી અસર : વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવુ પડ્યું : પવનની તીવ્ર ગતિથી ઠંડીની અસર વધી

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં છેલ્લા ચાર દિવસથી તીવ્ર ઠંડીનું મોજુ વિક્રમ સર્જી રહ્યુ છે. ગુરૂવારની રાત્રે પારો ગગડીને ૬.૮ ડિગ્રી સુધી ગગડ્યો હતો. જે મોસમની સૌથી વિક્રમ ઠંડી નોંધાઈ હતી. તીવ્ર ઠંડીની અસર શહેરના જનજીવન પર પણ વર્તાતી હતી.

સમગ્ર ઉત્તર ભારત છેલ્લા ઘણા દિવસોથી આકરી ઠંડીનો અનુભવ કરી રહ્યુ છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશના ઘણા વિસ્તારોમાં બરફની ચાદર છવાઈ ગઈ છે. દરરોજ બરફવર્ષા થતાં સ્થાનિક રહેવાસીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. દેશનો ઉત્તરીય પર્વતીય વિસ્તાર આકરી ઠંડીનો સામનો કરી રહ્યો છે તો ઉત્તરભારતના મેદાની વિસ્તારોમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં શીતલહેર ચાલી રહી છે. દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં તો ઝીરો ડીગ્રી કે તેની નીચે પારો નોંધાઈ રહ્યો છે.

**રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલીયામાં ૪.૩, ગિરનાર પર્વત પર ૪.૬, ગાંધીનગરમાં ૬.૮, કેશોદમાં ૮.૩ અને અમરેલીમાં ૯.૮ ડિગ્રી નોંધાઈ હતી.**



ગુજરાતમાં પણ શીત લહેરની અસર છેલ્લા પાંચ-છ દિવસથી જોવા મળી રહી છે. નલીયા, ડીસા અને ગાંધીનગર જેવા શહેરમાં લઘુત્તમ તાપમાન બે આંકની નીચે નોંધાઈ રહ્યો છે. ગુરૂવારની રાત્રે શહેરમાં મોસમની રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. દિવસ દરમ્યાન પણ ઠંડા પવનોએ કહેર મચાવ્યો હતો. દિવસે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. સાંજ પડતા જ ઠંડા પવનોની ગતિ વધતા ઠંડીએ કહેર વર્તાવ્યો હતો. દ્વિચક્રી વાહન પર નિકળવુ કપરૂ બન્યુ હતુ. વસાહતીઓ ખૂબ જ વહેલા ઘર ભેગા થઈ ગયા હતા. બારી-બારણાં બંધ કરી રજાઈ-ધાબળા ઓઢીને વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. માર્ગો પર ઠંડીએ સન્નાટો ફેલાવી દીધો હતો. કેટલાક વિસ્તારોમાં તો જાણે સ્વયંભૂ કરફ્યુ લાગ્યો હોય તેવી પરિસ્થિતિ જોવા મળી હતી. ખૂબ જ અગત્યનું કામ હોય તો જ ઘરની બહાર નીકળવાનુ વસાહતીઓએ પસંદ કર્યુ હતુ. ખુલ્લામાં રહેતા વસાહતીઓ માટે ગુરૂવારની રાત જાણે કાળ રાત્રી જેવી બની હતી. આકરી ઠંડીથી બચવા કેટલાક ઝુંપડાવાસીઓએ બસસ્ટેન્ડ જેવી જગ્યાઓએ સહારો લઈ ઠંડીથી બચવાનો ઉપાય અજમાવ્યો હતો. કેટલાકે તો આખી રાત તાપણાં સળગાવી ઠંડીને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. હવામાન વિભાગે હજુ ૧લી ફેબ્રુઆરી સુધી આવી જ ઠંડી પડશે તેવી આગાહી વ્યક્ત કરી છે.

## સોમવારે મહત્વની મનપાની સ્થાયી સમિતિની બેઠક

### સ્વચ્છતા સર્વેક્ષણને લઈ ગ્રીનસીટી ક્લીન સીટીની થીમ પર કેટલાક મહત્વના નિર્ણયો આ બેઠકમાં લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧લી ફેબ્રુઆરીને સોમવારના રોજ સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક મળશે.

આવી રહેલા સ્વચ્છતા સર્વેક્ષણને લઈ આ બેઠકમાં શહેરની સ્વચ્છતા પર વિશેષ ભાર મુકી અને ખાસ જોગવાઈઓને આધીન તે અંગેના કામોને પણ બહાલી આપશે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં આંતરિક તેમજ માર્ગોની સફાઈ માટે રૂ. ૯.૪૮ કરોડના વાર્ષિક ખર્ચે કામગીરી આપવાની વિચારણા કરી વર્ક ઓર્ડર આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે નવા વિસ્તારોને પણ બે ઝોનમાં વહેંચીને જાહેર શૌચાલયો તેમજ રસ્તાઓની સફાઈ માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા.

આવી રહેલ સ્વચ્છતા સર્વેક્ષણને ધ્યાને રાખી મનપાની આ સ્થાયી સમિતિમાં ''ગ્રીનસીટી ક્લીન સીટી''ના થીમ પર કેટલાક મહત્વના નિર્ણયો પણ લેવામાં આવનાર છે. જેમ કે ડમ્પીંગ સાઈટ તથા મનપાની વિવિધ કામગીરી માટે બે નંગ એક્સકેટર વીથ બકેટની ખરીદી કરાશે.

સેનીટેશન શાખાની સફાઈ કામગીરી સઘન બને તે માટે વિવિધ વોર્ડમાં ચાર નંગ ડીપર ડમ્પર ખરીદવામાં આવનાર છે. આ ઉપરાંત પાલજ ગામમાં રામજી મંદિરની પાછળના કોતરમાં પ્રોટેક્શન વૉલ

● અનુસંધાન પાન-૧૧ પર

## પ્લાસ્ટીક કચરો વીણતા શ્રમજીવીઓના કલ્યાણ માટે સરકાર અલાયદી નીતિ બનાવશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં પ્લાસ્ટીકનો કચરો વીણતા લોકોના કલ્યાણ માટે સરકાર આગામી દિવસોમાં અલાયદી નીતિની ઘોષણા કરી શકે છે.

મળતી વિગતો મુજબ પ્લાસ્ટીકનો કચરો વીણતા આવા ગરીબોની સંખ્યા, તેમના પ્રશ્નો તેમના ઉત્થાન માટે કલ્યાણના પગલાં અને વૈકલ્પિક રોજગારી શું હોઈ શકે તે વિશે તેમના મન જાણવાની કવાયત શહેરી વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

આજે શહેરી વિકાસ વિભાગના સચિવ લોચન શહેરા આ મુદ્દાઓને લઈ ગાંધીનગર મનપાની કચેરીમાં આવ્યા હતા. અર્ધા કલાકથી પણ વધુ સમય સુધી તેમણે પ્લાસ્ટીકનો કચરો વીણવાનુ કામ કરતા ૪૦ જેટલા શ્રમજીવીઓ સાથે તેમણે સીધો સંવાદ કર્યો હતો. આ શ્રમજીવીઓ સાથેના સંવાદમાં મ્યુનિ. કમિશનર ડૉ. રતનકંવર ગઢવી ચારણ, ડે. મ્યુનિ. કમિશનર પ્રીતેશ દવે, મ્યુ. હેલ્થ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામી તેમજ અન્ય અધિકારીઓ પણ જોડાયા હતા. એક તરફ સરકાર દ્વારા પ્લાસ્ટીક પર પ્રતિબંધ લાદ્યા પછી ૪૦ માઈક્રોનથી વધુ માઈક્રોન ધરાવતા પ્લાસ્ટીકના કચરાના નિકાલ સાથે સંકળાયેલ શ્રમજીવીઓના કલ્યાણ હેતુ માટે નીતિ તૈયાર કરી રહી છે.

આગામી દિવસોમાં પ્લાસ્ટીક કચરાને લઈ આકરા પગલાં લેવામાં આવશે તેવા સંકેતો પણ આ સંવાદના કાર્યક્રમ દરમ્યાન મળવા પામ્યા હતા.

## રવિવારે શહેર-જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન

ગાંધીનગર, તા. ૨૯

રવિવારને ૩૧મી જાન્યુઆરીના રોજ જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન યોજવામાં આવશે. આ પલ્સ પોલિયો અભિયાન અંગેની તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાંથી બે લાખ જેટલા બાળકો જે ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા છે તેમને આવરી લેવાનું આયોજન છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧ લાખ ૭૦ હજાર જેટલા ૦ થી ૫ વર્ષની વય જૂથના બાળકો છે. જ્યારે શહેરમાં ૨૮ હજાર જેટલા બાળકો આ વયજૂથના છે. જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનને લઈ ૭૦૦ થી વધુ બુથ ઉભા કરવામાં આવનાર છે. જેમાં ૬૦૦ જેટલા બુથ ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૦૦ થી વધુ બુથ શહેરમાં ઉભા કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ પલ્સ પોલિયો અભિયાન આમ તો ૧૭ જાન્યુઆરીએ યોજાવાનું હતુ પરંતુ ૧૬મીથી કોરોના વેક્સીનેશન હાથ ધરવામાં આવતાં આ અભિયાન હવે ૩૧મી જાન્યુઆરીના રોજ યોજવાનો નિર્ણય સરકારે કર્યો હતો.

પલ્સ પોલિયો અભિયાનમાં જિલ્લામાં ૫ હજાર જેટલા કર્મયોગીઓ જોડાશે. જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનમાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ દિવસે ૮૫ ટકા જેટલુ કવરેજ મળ્યુ હતુ જ્યારે શહેરી વિસ્તારમાં ૮૨ ટકા જેટલુ કવરેજ મળ્યુ હતુ.

જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનમાં અંતરિયાળ વિસ્તારોમાં વસતા શ્રમજીવીઓના બાળકો રહી ના જાય તે માટે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ ટીમની સંખ્યામાં વધારો કરાયો છે. આ ઉપરાંત ખાસ ટ્રાન્ઝીટ પોઈંટ જે છે ત્યાં પણ ખાસ બુથો ઉભા કરવામાં આવશે.

૩૧મી જાન્યુઆરીએ રહી ગયેલા બાળકોને ૧ અને ૨જી ફેબ્રુઆરી દરમ્યાન આરોગ્યની ટીમો ઘરે ઘરે ફરી આવા બાળકોને અભિયાનમાં આવરી લેશે.

## જિલ્લામાં ૧૦ કેસ કોરોનાના નોંધાયા

### શહેર-જિલ્લામાં સતત બીજે દિવસે એક સરખા કેસ નોંધાયા : સે. ૧૩ અને સે. ૯ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૨૬ માંથી પણ કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં એક સપ્તાહ બાદ આજે ૧૦ કેસ કોરોનાના મળી આવ્યા છે. શહેર-જિલ્લામાંથી પાંચ-પાંચ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાંથી ૩ તો દહેગામ તાલુકામાંથી ૨ કેસ મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ત્રણ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારના આજે નોંધાયેલા બધા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના કોબા ગામેથી ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદ ગામેથી બે દર્દી મળી આવ્યા છે.

દહેગામ તાલુકાના જાલિયાના મઠ ગામેથી એક અને બબલપુરા કંપા ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજ સુધીમાં ૩૯૮૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૩૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૦૬૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે. શહેરમાં આજે સંક્રમિત થયેલા પાંચ દર્દીમાંથી બે દર્દીને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે એક મહિલા દર્દી સહિત પાંચ દર્દીઓ નોંધાયા છે જેમાં બે વિદ્યાર્થીનો પણ સમાવેશ થાય છે. શહેરમાં કોરોનાના ઘટતા ટ્રેન્ડ વચ્ચે વિદ્યાર્થીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રમાં નવી ચિંતા ઉભી થવા પામી છે.

શહેરમાં આજે સે. ૧૩ માંથી એક દંપત્તિ સંક્રમિત થયેલ છે જેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. આ ઉપરાંત સે. ૯ માંથી પણ બે વિદ્યાર્થીઓ સંક્રમિત થયા છે. તેમજ સે. ૨૬ માંથી એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## છેલ્લાં ચાર વર્ષમાં શહેરમાં અકસ્માતોની સંખ્યા ૪૦ ટકા ઘટી

### માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવનારાઓની સંખ્યામાં પણ ૫૪ ટકા સુધીનો ઘટાડો : વર્ષ ૨૦૨૦ માં કુલ ૧૧૧ રોડ એક્સિડન્ટ નોંધાયા જેમાં ૨૫ વ્યક્તિઓએ જીવ ખોયો : શહેર વસાહત મહામંડળે માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત રસપ્રદ આંકડા જાહેર કર્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં છેલ્લાં ચાર વર્ષમાં માર્ગ અકસ્માતોમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો થવા પામ્યો છે જ્યારે માર્ગ અકસ્માતોથી થતા મૃત્યુની સંખ્યામાં પણ ૫૪ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. વર્ષ-



૨૦૨૦માં શહેરમાં કુલ ૧૧૧ માર્ગ અકસ્માતો સર્જાયા હતા જેમાં કુલ ૨૫ વ્યક્તિઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. જો કે હજુ આ આંકડો પણ ચિંતાજનક હોવાનું જણાવતા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે શહેરમાં માર્ગ સલામતી સંદર્ભે હજુ વધુ કાળજી લેવાની જરૂર હોવાનું જણાવ્યુ છે. શહેરમાં ઈન્ફોસિટી પોલીસસ્ટેશન વિસ્તારમાં માર્ગ અકસ્માતમાં સૌથી વધુ ૧૦ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા બરોડા ગ્રામીણ બેંકના સહયોગથી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના સંદર્ભે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના હસ્તે શહેરમાં થયેલા અકસ્માતોની વિગતો સહિત માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવતી પત્રિકા જાહેર કરી નાગરિકોને સજાગતા કેળવવા અપીલ કરવામાં

**ગાંધીનગરમાં માર્ગ અકસ્માતોની તવારીખ**

| વર્ષ | અકસ્માતોની સંખ્યા | કેટલાં મોત ? |
|---|---|---|
| ૨૦૧૭ | ૨૩૯ | ૪૨ |
| ૨૦૧૮ | ૧૯૭ | ૪૬ |
| ૨૦૧૯ | ૧૮૩ | ૪૧ |
| ૨૦૨૦ | ૧૧૧ | ૨૫ |

આવી છે. શહેર વસાહત મહામંડળ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર વર્ષ ૨૦૨૦માં ગાંધીનગરમાં કુલ ૧૧૧ માર્ગ અકસ્માતો સર્જાયા હતા જેમાં ૨૫ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો. જો કે વર્ષ ૨૦૧૭ માં શહેરમાં કુલ ૨૩૯ માર્ગ અકસ્માતો સર્જાયા હતા અને ૪૬ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો જેમાં મોટેભાગે ક્રમશઃ ઘટાડો દર વર્ષે જોવા મળ્યો હતો જે આવકારદાયક બાબત છે. જો કે હજુ પણ શહેરમાં માર્ગ સલામતી બાબતે વધુ જાગૃતિની જરૂર હોવાનુ

● અનુસંધાન પાન-૧૧ પર

## જિલ્લામાં ૧૫૦૦થી વધુનું વેક્સીનેશન થયુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૫૦૦થી વધુ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.

ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરની નવ સેશન સાઈટ પર ૪૭૭, દહેગામમાં ૨ સેશન સાઈટ પર ૧૧૧, માણસા તાલુકાની ૨ સેશન સાઈટ ખાતે ૯૮ અને કલોલની ૩ સેશન સાઈટ પર ૪૫૨ વોરિયર્સ મળી ૧૩૪૫ જેટલાનું વેક્સીનેશન કરાયુ હતુ. શહેરમાં ૬ સેશન સાઈટ પર ૧૯૪ જેટલા વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. આજે ખાનગી તબીબ વોરિયર્સનું વધુ વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.

## રાજ્યમાં ટ્યૂશન ક્લાસીસ શરૂ થવાનું કાઉન્ટ ડાઉન શરૂ

ગાંધીનગર,તા.૨૯

કોરોના મહામારી વચ્ચે પહેલી ફેબ્રુઆરીથી રાજ્યમાં ક્લાસીસ શરૂ થવા જઈ રહ્યાં છે જેને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ક્લાસીસમાં સેનેટાઈઝેશનની પ્રક્રિયા શરૂ કરાઈ છે. કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે વિદ્યાર્થીઓ ને પ્રવેશ અપાશે. તેમજ શાળાની જેમ ક્લાસીસ સંચાલકો પણ વાલીઓ પાસે લેખિત સંમતિપત્ર માગવાનો ટ્યુશન ક્લાસ સંચાલકોએ નિર્ણય કર્યો છે. તો ક્લાસીસ દ્વારા એસઓપીનું ચૂસ્ત પાલન કરવામાં આવશે. પહેલી ફેબ્રુઆરીથી રાજ્યમાં ક્લાસીસ શરૂ થશે. રાજ્યમાં ૧લી ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ૧૧ના વર્ગોનું શિક્ષણકાર્ય કોવિડ તકેદારી સાથે શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

● અનુસંધાન પાન-૧૧ પર

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. Tel.: +91-79-23268500/66701001
Fax: +91-79-23268506 Website : www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Wednesday, the 10th February, 2021, inter-alia, to consider and take on record the Un-audited Financial Results *(Standalone & Consolidated)* of the Company for the Quarter ended on 31st December, 2020.

The said intimation is also available on the Company's website viz. **www.gspcgroup.com** and may also be available on the website of Stock Exchanges at **www.bseindia.com** and at **www.nseindia.com.**

For **Gujarat State Petronet Limited**
sd/-
Rajeshwari Sharma
**Company Secretary**

**Date: 29th January, 2021**
**Place: Gandhinagar**

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2015 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
**ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com